aap AAM AADMI PARTY

# સંગ્રામ ગુજરાતનો

# સુરતમાં પાસ કન્વિનર નીતિન ઘેલાણી સહિત ૪૦ કાર્યકરો ભાજપમાં જોડાયા

સુરત, તા.૧૩

ગુજરાત વિધાનસભા ચૂંટણી જાહેર થઈ છે અને હવે દરેક પક્ષોમાં ઉમેદવારોના ફોર્મ ભરવાનું કામ શરૂ કર્યું છે. તેમ છતાં અમુક દિગ્ગજ નેતાઓની ટિકિટ કપાતા ભાજપ અને કોંગ્રેસમાં આંતરિક વિખવાદો શરૂ થયા છે. ટિકિટ ન મળતાં વિરોધ અને ટિકિટ અપાતા વિરોધ એવાં દશ્યો જોવા મળી રહ્યાં છે. આજે સુરતમાં પાસ કન્વિનર નીતિન ઘેલાણી કાર્યકરો સાથે ભાજપમાં જોડાયા છે. સી.આર.પાટીલની હાજરીમાંજ ૪૦થી વધુ કાર્યકરોએ કેસરિયા કર્યા છે.



સુરત ભાજપમાં પણ ઘણી બેઠકો પર કાર્યકરોમાં રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે નેતાઓ દ્વારા આ રોષને ડામવા માટે ડેમેજ કંટ્રોલ શરૂ કરી દેવામાં આવ્યું છે. પાટીદાર અનામત આંદોલન સમિતિના ભાવનગરના કન્વીનર નીતિન ઘેલાણી ભાજપમાં જોડાયા છે.


સુરત ઉધના કમલમ્ ખાતે પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલની હાજરીમાં તેઓ ૪૦ આગેવાનો સાથે ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ ગયા છે. ભાવનગરથી તેઓ અહીં સુરત સુધી માત્ર ભારતીય જનતા પાર્ટીમાં જોડાવા માટે આવ્યા હતા. કમલમ્ ખાતે ૪૦ આગેવાનો ભાજપમાં વિધિવત્ રીતે જોડાઈ ગયા હતા.

ઉલ્લેખનીય છે કે, દ્વારકામાં દાવેદાર પાલ આંબલિયાને કોંગ્રેસે ટિકિટ ન આપતા કોંગ્રેસના કિસાન સેલના કાર્યકરોમાં રોષ છે. સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને તેઓ રોષ ઠાલવી રહ્યા છે.

# આપના ઈશુદાન ગઢવી ખંભાળિયાથી લડશે ચૂંટણી

## સોમવારે ઈસુદાન ગઢવી ઉમેદવારી ફોર્મ ભરશે ત્યારે પંજાબના સીએમની ઉમેદવારી ફોર્મ ભરતી વખતે હાજર રહેશે

અમદાવાદ, તા.૧૩



આમ આદમી પાર્ટીએ મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે ઈસુદાન ગઢવીનો ચહેરો જાહેર કર્યો હતો. ત્યારથી દરેકના મનમાં એક સવાલ હતો કે ઈસુદાન ક્યાંથી ચૂંટણી લડશે? તે સવાલનો જવાબ આખરે મળી ચૂક્યો છે. ઈસુદાન ગઢવી દ્વારકાના ખંભાળિયાથી ચૂંટણી લડશે. આજે સવારથી ચર્ચા હતી કે ઈસુદાન ગઢવીની બેઠક અંગે આપના સંયોજક કેજરીવાલ સત્તાવાર જાહેરાત જાહેરાત કરશે. જેનો આખરે અંત આવ્યો છે. અગાઉ સૂત્રોએ જણાવી દીધું હતું કે ઈસુદાન ગઢવી દ્વારકાના જામખંભાળિયાથી ઉમેદવારી કરશે. સોમવારના રોજ ઈસુદાન ગઢવી ઉમેદવારી ફોર્મ ભરશે. ત્યારે પંજાબના મુખ્યમંત્રી ઉમેદવારી ફોર્મ ભરતી વખતે હાજર રહેશે. જો ઈસુદામ ગઢવી જામખંભાળિયાથી ચૂંટણી લડશે તો તેમની ટક્કર વિક્રમ માડમ સાથે છે. કોંગ્રેસે જામખંભાળિયા બેઠક પર દિગ્ગજ નેતા વિક્રમ માડમને રિપીટ કર્યા છે. તો ભાજપે મુળુ બેરાને ટિકિટ આપી છે.

## દાણીલીમડા વિસ્તારમાં ડોર ટુ ડોર પ્રચારનો વિરોધ

# આમ આદમી પાર્ટીના ઉમેદવારનો સ્થાનિક લોકોએ વિરોધ કર્યો

## ઉમેદવારનો વિરોધ કરી અને કોંગ્રેસના નારા લગાવ્યા હતા

અમદાવાદ,તા.૧૨

રાજયમાં વિધાનસભાની ચૂંટણીના ઉમેદવારોની જાહેરાત બાદ હવે ઉમેદવારોએ દોડતું ડોર પ્રચાર શરૂ કરી દીધો છે અને ઉમેદવારો પ્રજાની વચ્ચે જઈને મત માગી રહ્યા છે. ત્યારે અમદાવાદના દાણીલીમડા વિધાનસભા બેઠકના આમ આદમી પાર્ટી (છછઁ)ના ઉમેદવાર દિનેશ કાપડિયા જ્યારે તેમના સમર્થકો સાથે દાણીલીમડા વિસ્તારમાં મત માંગવા માટે ઢોલ નગારા સાથે નીકળ્યા હતા. ત્યારે કેટલાક સ્થાનિક લોકોએ તેમનો વિરોધ કર્યો હતો. લોકોએ છછઁના ઉમેદવારનો વિરોધ કરી અને કોંગ્રેસના નારા લગાવ્યા હતા. સ્થાનિક લોકોએ ત્યાંથી છછઁ ના ઉમેદવારને સાંભળ્યા પણ ન હતા. તેથી ઉમેદવાર દિનેશ કાપડિયાને ત્યાંથી ચાલતી પકડવી પડી હતી.

જે પણ વિધાનસભા બેઠક પર ઉમેદવારો જાહેર થયા છે, તેઓ દ્વારા હવે પ્રચાર કરવાનો શરૂ કરી દીધો છે. લોકોની વચ્ચે જઈ અને ડોર ટુ ડોર કેમ્પેઈન અને મત માગવા જઈ રહ્યા છે. ત્યારે કેટલાક ઉમેદવારોએ પ્રજાના વિરોધનો સામનો પણ કરવો પડે છે. અમદાવાદની દાણીલીમડા વિધાનસભા બેઠક પરથી આમ આદમી પાર્ટીના ઉમેદવાર દિનેશ કાપડિયા જાહેર થયા છે. તેઓ દાણીલીમડા વિસ્તારમાં તેમના સમર્થકો સાથે ડોર ટુ ડોર પ્રચાર અને મત માંગવા માટે નીકળ્યા હતા, ત્યારે સ્થાનિક લોકોએ તેઓનો હુરિયો બોલાવ્યો હતો અને કોંગ્રેસના નારા લગાવ્યા હતા.

ઢોલ નગારાં લઈને આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ દિનેશભાઈના નામની અને આમ આદમી પાર્ટીની જે પણ પત્રિકાઓ વહેંચતા હતા તે પણ સ્થાનિક લોકોને આપી હતી. પરંતુ કોઈ પણ વ્યક્તિએ તેઓની પત્રિકા હાથમાં લીધી ન હતી. આ રીતે વિરોધ થતાં ઉમેદવાર દિનેશ કાપડિયાએ તેમના સમર્થકોની સાથે ત્યાંથી ચાલતી પકડવી પડી હતી. આમ આદમી પાર્ટીનો દાણીલીમડાના લઘુમતી વિસ્તારની અંદર આ રીતે વિરોધ જોવા મળ્યો હતો.

# અમદાવાદ : કોંગ્રેસમાં મેન્ડેટને લઈ મચ્યો હડકંપ

## કોગ્રેસે ઉમેદવારોને પેટા ચૂંટણીમો મેન્ડેટ આપ્યો હોવાનો દાવો : કોંગ્રેસ આગેવાનોએ મેન્ડેટ બદલવાની શરૂ કરી પ્રક્રિયા

અમદાવાદ, તા.૧૩

કોંગ્રેસમાં મેન્ડેટને લઈ હડકંપ મચ્યો છે. કોંગ્રેસમાં મેન્ડેટ આપવામાં મોટી ભૂલ થઈ છે. જેને લઈને કોંગ્રેસના આગેવાનોમાં દોડધામ થઈ છે. કેટલાક ઉમેદવારોને પેટાચૂંટણીના મેન્ડેટ આપાયાનો દાવો છે. સામાન્ય ચૂંટણીમાં પેટાચૂંટણીના મેન્ડેટ અપાતાં હોબાળો થયો છે. કોંગ્રેસના આગેવાનો મેન્ડેટની ખરાઈ કરવા માટે ધંધે લાગ્યા છે. સામાન્ય ચૂંટણીમાં પેટા ચૂંટણીના મેન્ડેટ માન્ય ગણાય કે નહીં, તે પ્રશ્ન ઉભો થયો છે. જે બાદ હવે મેન્ડેટ બદલવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે. ઉમેદવારને નવા મેન્ડેટ મોકલવામાં આવ્યા છે. ગઈકાલે ગુજરાત વિધાનસભા ચૂંટણીને લઈને કોંગ્રેસે વધુ ૯ ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા. કોંગ્રેસે વિધાનસભાની ચૂંટણીને લઈ ચોથી યાદી જાહેર કરી હતી. જેમાં દ્વારકાથી માલુબાઈ કંડોરિયા, તલાલાથી માનસિંહ ડોડિયા, કોડિનાર (એસ.સી)થી મહેશ મકવાણા, ભાવનગર ગ્રામ્યથી રેવતસિંહ ગોહિલ, ભાવનગર ઈસ્ટથી બળદેવ મંજીભાઈ સોલંકી, બોટાદથી રમેશ મેર, જંબુસરથી સંજય સોલંકી, ભરૂચથી જયકાંતભાઈ બી પટેલ અને ધરમપર (એસટી)થી કિશનભાઈ વેસ્તાભાઈ પટેલનું નામ સામેલ છે.

ગુજરાત કોંગ્રેસે પ્રથમ યાદીમાં ૪૩ નામ જાહેર કર્યા હતા ત્યારબાદ બાજી યાદીમાં ૪૬ અને ત્રીજી યાદીમાં ૭ ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા. કાલે ગુજરાત કોંગ્રેસે ચોથી યાદી જાહેર કરી હતી અને તેમાં કુલ ૯ નામો જાહેર કર્યા હતા. આમ, ગુજરાત કોંગ્રેસે વિધાનસભાની ચૂંટણીને લઈ કુલ ૧૦૪ ઉમેદવારો જાહેર કર્યા છે.

નોંધનીય છે કે, કેન્દ્રીય ચૂંટણી પંચ તરફથી ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખોની જાહેરાત કરવામાં આવી હતી. ચૂંટણી પંચની જાહેરાત પ્રમાણે રાજયમાં બે તબક્કામાં ચૂંટણી યોજાશે. ૨૦૧૭ના વર્ષમાં પણ ગુજરાતમાં બે તબક્કામાં ચૂંટણી યોજાઈ હતી. પ્રથમ તબક્કા માટે પહેલી ડિસેમ્બરના રોજ મતદાન યોજાશે, જ્યારે બીજા તબક્કા માટે પાંચમી ડિસેમ્બરના રોજ મતદાન યોજાશે. ચૂંટણી પરિણામ આઠમી ડિસેમ્બરનારા રોજ જાહેર કરવામાં આવશે.

## વઢવાણ બેઠકમાં ઘમાસાણ

# જિજ્ઞા પંડ્યાએ ઉમેદવારી પાછી ખેંચવા પત્ર લખ્યો

## ભાજપ દ્વારા જિજ્ઞા પંડ્યાના નામની જાહેરાત કરવામાં આવી છે, જેનો લોકો વિરોધ કરી રહ્યા છે, આથી વઢવાણમાં ભાજપ નવા ઉમેદવારને ઉતારી શકે છે

વઢવાણ,તા.૧૩

ગુજરાત ચૂંટણીને લઈને સત્તાધારી ભાજપ પક્ષ દ્વારા ૧૬૬ ઉમેદવારોના નામ સાથેની બે યાદી જાહેર કરી દેવામાં આવી છે. જેને પગલે અનેક સ્થળોએ વિરોધનો સૂર ઉઠ્યો છે. આવી સ્થિતિ વચ્ચે વઢવાણ બેઠક ચર્ચામાં આવી છે. જેમાં ભાજપ દ્વારા જિજ્ઞા પંડ્યાના નામની જાહેરાત કરવામાં આવી છે. જેનો લોકો વિરોધ કરી રહ્યા છે. આથી વઢવાણમાં ભાજપ નવા ઉમેદવારને ઉતારી શકે છે.



સૂત્રો પાસેથી જાણવા મળતી વિગત અનુસાર જિજ્ઞા પંડ્યાના સ્થાને જગદિશ મકવાણાને ભાજપ દ્વારા ટિકિટ આપી ચુંટણી જંગમાં ઉતારવામાં આવી શકે છે. વઢવાણમાં ખાસ દલવાડી સમુદાય ટિકિટની માંગ સાથે જિજ્ઞા પંડ્યા સામે વિરોધ કરી દર્શાવી રહ્યા છે અને ઉમેદવાર બદલવાની માંગ કરી રહ્યા છે. બીજી બાજુ જિજ્ઞા પંડ્યાએ ફ્ફ ન્યૂઝ સાથેની વાતચીતમાં જણાવ્યું કે પાર્ટી જે પણ નિર્ણય કરશે તેમાં હું સહમત છું કેમ કે મારા કરતા પાર્ટી વિશેષ છે. વધુમાં 'પાર્ટી જ મારો પરિવાર છે' પાર્ટીના હિત માટે જિજ્ઞાબેન પંડ્યાએ ઉમેદવારી પાછી ખેંચવાની પણ તૈયારી દર્શાવી છે અને આજીવન પાર્ટીની સેવા કરવાનું જણાવ્યું હતું. જોકે વિરોધ અને અન્ય ઉમેદવાર અંગે જિજ્ઞાબેન પંડ્યાએ કોઈ ફોડ પાળ્યો ન હતો. ગુજરાત વિધાનસભાની ચુંટણીને લઈને ભાજપ દ્વારા ઉમેદવારોની બે યાદી જાહેર કરી ૧૬૬ ઉમેદવારોના નામની જાહેરાત કરી દેવામાં આવી છે. ત્યારે હવે ગમે ભાજપ દ્વારા તે ઘડીએ ત્રીજી યાદી પણ જાહેર કરવામાં આવી શકે છે. જેમાં ૧૬ સીટો પરના બાકી ઉમેદવારોના નામનું એલાન થઈ શકે છે. જાણવા મળતી વિગત અનુસાર આ સીટ પર ઉમેદવારોના નામ લગભગ નક્કી થઈ ગયા છે. ભાજપે ઉમેદવારોની બે યાદી જાહેર કરી દીધી છે. જેમાં અમુક બેઠકો પર ઉમેદવારોને લઈ કાર્યકર્તાઓમાં રોષ પણ જોવા મળી રહ્યો છે. આ બધાની વચ્ચે આજે ફરી અમિત શાહ ગુજરાતના પ્રવાસે આવ્યા છે. કોબા સ્થિત કમલમ ખાતે ગૃહમંત્રી અમિત શાહ ઉચ્ચસ્તરીય બેઠક કરશે.

રાજ્યમા ટિકિટ જાહેર થયા બાદ ઉભી થયેલી સ્થિતિની પર સમીક્ષા કરશે. અમિત શાહ ડેમેજ કન્ટ્રોલ કરવા માટે ગુજરાત પ્રદેશના નેતાઓ સાથે ઉચ્ચસ્તરીય બેઠક કરશે જેમાં તેઓ ઉભી થયેલી તંગ સ્થિતિ અંગે તાંગ મેળવશે. આ બેઠકમાં બાકી રહેલી ટિકિટની ફાળવણી અને પ્રચાર સહિતના મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે.

# કોડીનારમાં પણ કોંગ્રેસને ઝટકો, ધારાસભ્ય મોહન વાળાનું રાજીનામુ

## અન્ય ઉમેદવારને જાહેર કરતા કોડીનાર કોંગ્રેસમાં ખળભળાટ

કોડીનાર, તા.૧૩

વિધાનસભાની ચૂંટણી ટાણે કોડીનાર કોંગ્રેસમાં કકળાટ સામે આવ્યો છે. સીટીંગ ધારાસભ્ય મોહન વાળાની ટિકિટ કાપી અન્ય ઉમેદવારને જાહેર કરતા કોડીનાર કોંગ્રેસમાં ખળભળાટ મચ્યો છે. પૂર્વ પ્રદેશ ઉપપ્રમુખ, પૂર્વ ધારસભ્ય અને હાલના ડેલિગેટ સભ્ય, તેમજ સૌરાષ્ટ્ર કારડીયા રાજપૂતના મોભી ધિરસિંહ બારડ અને સીટીંગ ધારાસભ્ય મોહન વાળાનું કોંગ્રેસમાંથી રાજીનામું પડ્યું છે.

કોડીનાર કોંગ્રેસમાં જોરદાર વિરોધ જોવા મળી રહ્યો છે. સીટીંગ ધારસભ્ય મોહનભાઈ વાળાની ટિકિટ કપાય છે. જેને લઈ કોડીનારના દેવળી ગામે પૂર્વ ધારસભ્ય અને પૂર્વ પ્રદેશ ઉપપ્રમુખ ધિરસિંહ બારડના ઘરે કાર્યકરો સાથે બેઠક યોજાઈ હતી. જેમાં મોહનભાઈ વાળાએ પોતાનું રાજીનામુ કોંગ્રેસમાંથી આપવાની વાત કરી છે.

જોકે, મોહનભાઈ વાળાને કોંગ્રેસે રીપિટ કર્યા હોત તો કોંગ્રેસ માટે આ બેઠક જીતવી સહેલી હતી. પરંતુ જીગ્નેશ મેવાણીની દખલગિરી અને જીદ પકડતા કોંગ્રેસે ચાલુ ધારસભ્યને કાપી અને જીજ્ઞેશ મેવાણીના સમર્થક મહેશ મકવાણાને ટિકિટ આપી હોવાની ચર્ચાને લઈને કોડીનાર કોંગ્રેસમાં ભારે વિરોધ જોવા મળી રહ્યો છે.

કોડીનાર કોંગ્રેસના દિગ્ગજ અને પ્રતિષ્ઠ વ્યક્તિ ગણાતા અને જૂના કોંગી નેતા તેમજ પૂર્વ ધારસભ્ય ધિરસિંહ બારડે મોહન વાળાની ટિકિટ કપાતા રાજનીતિમાંથી જ સન્યાસ લેવાની જાહેરાત કરી છે. ધિરસિંહ બારડ છેલ્લા બે દાયકાથી કોંગ્રેસને કોડીનાર વિસ્તારમાં જીવતી રાખી છે. પરંતુ આખરે કોંગ્રેસે તેમની અવગણના કરી જેને લઈને ધિરસિંહ બારડે સન્યાસ લેવાનો નિર્ણય કર્યો. જોકે, કાર્યકર્તાઓને પોત પોતાની રીતે નિર્ણય કરવા જણાવ્યું છે.

# કોંગ્રેસે પાંચમી યાદી કરી જાહેર, ૬ ઉમેદવારોનો કરાયો સમાવેશ

અમદાવાદ, તા.૧૩

ગુજરાત વિધાનસભા ચૂંટણીને લઈને એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. કોંગ્રેસે પણ પોતાના ઉમેદવારોની પાંચમી યાદી જાહેર કરી છે. આ યાદીમાં ૬ લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગુજરાત કોંગ્રેસે પ્રથમ યાદીમાં ૪૩ નામ જાહેર કર્યા હતા ત્યારબાદ બાજી યાદીમાં ૪૬ અને ત્રીજી યાદીમાં ૭ ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા. ગઈકાલે શનિવારે ગુજરાત કોંગ્રેસે ચોથી યાદી જાહેર કરી હતી અને જેમા કુલ ૯ નામો જાહેર કર્યા હતા. અને આજે પાંચમી યાદીમાં ૬ નામો જાહેર કર્યા છે. આમ ગુજરાત કોંગ્રેસે વિધાનસભાની ચૂંટણીને લઈ કુલ ૧૧૦ ઉમેદવારો જાહેર કર્યા છે.

કેન્દ્રીય ચૂંટણી પંચ તરફથી ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખોની જાહેરાત કરવામાં આવી હતી. ચૂંટણી પંચની જાહેરાત પ્રમાણે રાજયમાં બે તબક્કામાં ચૂંટણી યોજાશે. ૨૦૧૭ના વર્ષમાં પણ ગુજરાતમાં બે તબક્કામાં ચૂંટણી યોજાઈ હતી. જેમાં ધાંગધ્રા બેઠક માટે છત્તરસિંહ ગુંજારીયા, મોરબી બેઠક પર જયંતી જેરામભાઈ પટેલ, રાજકોટ પશ્ચિમમાં મનસુખ જાદવભાઈ કાલરિયા, જામનગર ગ્રામ્ય બેઠક માટે જીવન કુંભારવડિયા, ગારિયાદાર ઉપર દિવ્યેશ મનુભાઈ ચાવડા અને બોટાદમાં મનહર પટેલ (રમેશ મેરની જગ્યાએ) જાહેર કર્યા છે.

## નોટીસ ફટકારશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહ્યા હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લામાં ચૂંટણીના દિવસે ૭ હજાર જેટલા કર્મચારીઓને ચૂંટણીની વિવિધ ફરજો માટેના હુકમો કરવામાં આવેલા છે.

જિલ્લમાં પાંચેય વિધાનસભા બેઠકો પર હવે ૧૫મીએ બીજો રાઉન્ડ તાલિમનો યોજાશે. તંત્રએ આ વખતે નાના-નાના ગૃપો કર્મયોગીઓના બનાવી અને તાલિમ આપવાનું આયોજન કરેલ છે.

ગાંધીનગર (ઉ) વિધાનસભામાં આજે ૯૦૦ જેટલા કર્મચારીઓને તાલિમ આપવાનું આયોજન હતુ જે પૈકી ૮૦૦ જેટલા કર્મચારીઓ તાલિમ માટે હાજર થયા હતા. જે ૧૦૦ કર્મચારીઓ કોઈ પણ પૂર્વ મંજૂરી વગર ગેરહાજર રહેતાં તેમને નોટીસ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## કેસ નોંધાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે નોંધાયેલા બન્ને કેસના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. બન્ને દર્દી લોકલ ટ્રાન્સમિશનથી સંક્રમિત થયા હોવાનું તંત્રની પ્રાથમિક તપાસમાં જણાયુ છે.

શહેર-જિલ્લામાં દર્દીઓને કોરોનાના હળવા લક્ષણો જણાતાં આઈસોલેશનના વિકલ્પને મંજૂરી આપવામાં આવી રહી હોવાનું તંત્રના સૂત્રો કરી રહ્યા છે. શહેર-જિલ્લામાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે અને વેક્સિનેશન અભિયાન સઘન થાય તે માટેની સૂચનાઓ આપી છે.

## ઉકરડા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્વચ્છતાનુ ચિત્ર આટલુ કદરુપુ હોય તો શહેરના સેકટરો અને જાહેર સ્થળો પર રહીશો કે મુલાકાતીઓને ગંદકીથી ગુંગળામણ અનુભવતા હશે જ..સ્વચ્છ ભારતના અભિયાન અન્વયે આરંભે શુરા તંત્રના અધિકારીઓ અને નેતાઓએ ફોટો મેનિયાક બનીને હાથમાં એક સમયે ઝાડુ પકડી લીધુ હતુ. પરંતુ ફોટો ક્લિક કરવા પુરતી આ ઝુંબેશની અસર પણ આંખના પલકારા સમાન જ હોય છે. શહેરના સેકટરોમાં તેમજ જાહેર સ્થળોએ સફાઈ થતી નથી સચિવાલય સંકુલમાં બ્લોક નં - ૪ અને ૫ પાસે જ ઉકરડા અસ્તિત્વમાં આવ્યા છે. જુના સચિવાલય સંકુલમાં જ ગંદકીના ઢગ ખડકાયા છે. આ જોઈને મુલાકાતીઓનુ મોં પણ વંકાયુ છે. શહેરમાં સેકટરો સહીત અનેક જાહેર સ્થળોએ પણ સફાઈ ઝુંબેશ હાથ ધરવાની અનિવાર્યતા છે.

## મધુ શ્રીવાસ્તવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વડોદરાની વાઘોડિયા બેઠક પર ભારે પ્રભાવ ધરાવે છે. તેઓ છેલ્લી છ ટર્મથી આ બેઠક પરથી ચૂંટાઈ રહ્યા છે. તેમણે ૧૯૯૫માં જીતવાની શરૂઆત કરી હતી અને ૨૦૧૭ની ચૂંટણી સુધી જીતતા આવ્યા છે. ગઈ વિધાનસભાની ચૂંટણીમાં તેમણે કોંગ્રેસના ધર્મેન્દ્રસિંહ વાઘેલાને હરાવ્યા હતા. તાજેતરમાં ભાજપે સેન્સ પ્રક્રિયા યોજી ત્યારે પણ તેમને મિટિંગથી દૂર રાખવામાં આવ્યા હતા.

## વિજેતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈંગ્લેન્ડ સામે ૧૩૮ રનનો લક્ષ્યાંક હતો અને સેમિફાઈનલમાં ભારત સામે એલેક્સ હેલ્સ અને કેપ્ટન જોસ બટલરે જે અંદાજમાં બેટિંગ કરી હતી જે તે જોતા આટલો લક્ષ્યાંક તેમના માટે આસાન હતો. જોકે, પાકિસ્તાની બોલર્સે વળતી લડત આપી હતી. શાહીન આફ્રિદીએ એલેક્સ હેલ્સની એક રને પેવેલિયન ભેગો કરી દીધો હતો. ત્યારબાદ ફિલેપ સોલ્ટ પણ ૧૦ રન નોંધાવીને આઉટ થયો હતો. જોસ બટલરે બાજી સંભાળવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ હેરિસ રૌફે તેને પેવેલિયન ભેગો કરીને ઈંગ્લેન્ડને બેકફૂટ પર મૂકી દીધું હતું. બટલરે ૧૭ બોલમાં ૨૬ રન નોંધાવ્યા હતા જેમાં ત્રણ ચોગ્ગા અને એક સિક્સર સામેલ હતી.

## ટાર્ગેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રધાનમંત્રી મોદીએ ૭૫ હજાર યુવાનોને નિયુક્તિ પત્ર પણ સોંપ્યા હતા. મોદી સરકારે ૧૦ લાખ યુવાનોને નોકરી આપવાનો ટાર્ગેટ પુરા કરવા માટે ૫ પોઈન્ટ પ્લાન બનાવ્યો છે.

પ્રથમ પ્રયાસ અંતર્ગત વેકેન્સી સ્ટેટ્સ પોર્ટલ નામથી સરકારી પોર્ટલ લોન્ચ કરવાની યોજના છે. અહીં તમામ મંત્રાલયો અને વિભાગોની વેકેન્સીના ડેટા અપલોડ કરવામાં આવશે.

બીજા તબક્કામાં દરેક મંત્રાલય અને વિભાગ તરફથી નોડલ ઓફિસર નિયુક્ત કરવામાં આવશે, જે પોર્ટલને નિયમિત રીતે અપડેટ કરતા રહેશે.

તમામ મંત્રાલયો અને વિભાગો માટે બે મહિનાનો ટાર્ગેટ નક્કી કર્યો છે. સાથે જ વર્ષ ૨૦૨૩ના અંત સુધીમાં ફુલ કેલેન્ડર પણ તૈયાર કરવામાં આવ્યું છે. ઓફર અને નિયુક્તિ પત્ર માટે એકીકૃત ડિજિટલ પ્લેટફોર્મ તૈયાર કર્યું છે. તમામ મંત્રાલયોને આવનારા મહિનામાં જાહેર કરનારા નિયુક્તિ પત્ર વિશે અપડેટ જાહેર કરવા માટે નિર્દેશ આપવામાં આવ્યા છે.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં રિટાયરમેન્ટના કારણે ખાલી જગ્યા વિશે તમામ મંત્રાલયો અને વિભાગોના સમયપૂર્વ સૂચના આપવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે, જેથી આ ખાલી જગ્યાઓ ભરી શકાય.

## સંકલ્પ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વ્યૂહાત્મક ભાગીદારી બનાવવા અને આતંકવાદ સામે સહયોગ વધારવાનો સંકલ્પ કર્યો.

જયશંકર ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ સાથે મુલાકાતે છે, જેઓ અહીં આસિયાન-ભારત સમિટ અને ૧૭મી પૂર્વ એશિયા સમિટમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા છે. આસિયાન સભ્ય દેશો ઉપરાંત પૂર્વ એશિયા સમિટમાં ભારત, ચીન, જાપાન, રિપબ્લિક ઓફ કોરિયા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુએસ અને રશિયા સામેલ છે.

## ટિકિટ ન મળતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આમ આદમી પાર્ટીના નેતા અને ભૂતપૂર્વ કાઉન્સિલર હસીબ ઉલ હસન પાર્ટીની ખોટી નીતિઓનો વિરોધ કરવા શાસ્ત્રી પાર્ક મેટ્રોની સામેના હાઈ ટેન્શન વાયર ટાવર પર ચઢ્યા હતા. તેમનો આરોપ છે કે પાર્ટીએ તેમને ટિકિટ પણ નથી આપી અને કાગળો પણ રાખવામાં આવ્યા છે. જો પેપર પરત નહીં કરવામાં આવે તો હસીબે આત્મહત્યાની ધમકી પણ આપી છે.

આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં તમે નેતા ટાવર પર લટકતા જોવા મળી રહ્યા છે. જોકે વીડિયોમાં તેના બોલવાનો અવાજ નથી આવી રહ્યો. જણાવી દઈએ કે, આમ આદમી પાર્ટીએ શુક્રવારે પ્રથમ યાદીમાં ૧૩૪ ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા અને બીજી યાદી શનિવારે જાહેર કરવામાં આવી હતી, જેમાં ૧૧૬ ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી હતી.

# નાગરિકોને મતદાન માટે પ્રોત્સાહિત કરવા ફરી રહ્યો છે 'અવસર રથ'

## ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી દ્વારા 'અવસર લોકશાહીનો' અભિયાન હાથ ધરવામાં આવ્યુ

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨માં નાગરિકો ઉત્સાહભેર મતદાન કરવા પ્રેરાય એવા ઉદ્દેશથી ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી દ્વારા 'અવસર લોકશાહીનો' અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ચુંટણી પંચ દ્વારા આયોજિત અવસર કેમ્પેઈન અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લા ચૂંટણી અધિકારી કે.સી. સંપટના સફળ માર્ગદર્શન હેઠળ અવસર રથ દ્વારા મતદાર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. સુરેન્દ્રનગર જિલ્લામાં આજથી તા. ૧૭/૧૧/૨૦૨૨ સુધી એમ કુલ ૫ દિવસ અવસર રથ જિલ્લાના ગામડાઓમાં ભ્રમણ કરશે. ધ્રાંગધ્રા પ્રાંત અધિકારી એમ.પી.પટેલ અને મામલતદાર ડી. એલ. ભાટીયા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં ધ્રાંગધ્રાથી અવસર રથને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.વિધાનસભા ચુંટણી-૨૦૧૭ દરમિયાન ઓછું મતદાન થયેલ છે એવા મતદાન મથકોમાં અવસર રથ થકી મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવશે. જેમા આજે ધ્રાંગધ્રાના શહેરી વિસ્તારોમાં સર અજીતસિંહ હાઈસ્કૂલ, શાળા નંબર -૨, શિશુકુંજ હાઈસ્કૂલ અને શાળા નંબર -૧૪માં અવસર રથ ફેરવવામાં આવ્યો હતો. ત્યારબાદ ગ્રામ્ય વિસ્તારોના જેગડવા, દુમાણા અને મેથાણ ગામોમાં ભ્રમણ કરી તેમજ મતદારોને આગામી ચુંટણીમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ગ્રામજનોને મતનું મહત્વ સમજાવી મતદાન અંગે જાગૃત અને પ્રેરિત કરવા વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી હતી. ખાસ કરીને અવસર રથ ઉપર "હું વોટ કરીશ" નો સંકલ્પ લઈ ગ્રામજનોએ સહી કરી આગામી ચૂંટણીમાં ચોક્કસ મત આપવાનો સંકલ્પ લીધો હતો. વિધાનસભા ચૂંટણી-૨૦૨૨માં લોકો વધુને વધુ મતદાન કરે તે માટે ચૂંટણી પંચ દ્વારા અવસર રથ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે જે ગુજરાતની ૧૮૨ વિધાનસભા બેઠકો પર ફરીને લોકોમાં મતદાન અંગે જાગૃતતા લાવશે.